ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



અલકેશ સુખડીયા
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૫




કેતુલ ભાવેશકુમાર રાજવંશી

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ







ગાંધીનગર, તા. ૨૩
આલમપુર ખાતે સ્થિત શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો પાંચમો વાર્ષિક રમતોત્સવ શાળાના હરિયાળા અને વિશાળ કૅમ્પસમાં યોજવામાં આવ્યો હતો.

આજના હાઈટેક યુગમાં બાળકોનાં જીવનમાં ગેઝેટ્સનું મહત્ત્વ અને ઉપયોગ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. બાળકોનાં જીવનમાં ખેલકૂદ અને શારીરિક કસરતનું સ્થાન હવે મોબાઈલ અને વિડીયો ગેમ્સે લઈલીધું છે. ત્યારે તેઓને ખેલકૂદ અને કસરતમાં રસ પેદા થાય અને મહત્ત્વ સમજાય એ શાળાની જવાબદારી બને છે. આ કારણથી રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલની અભ્યાસ પદ્ધતિમાં શારીરિક શિક્ષણ અને રમતોને અગ્રીમ સ્થાન આપવામાં આવ્યું છે. રમતોત્સવ અંતર્ગત વિવિધ કૅટેગરીમાં બાળકોએ ૧૦૦, ૨૦૦ મીટર રેસ, રીલે રેલ, કોથળા દોડ, ફોગ રેસ જેવી ટ્રેક ઈવેન્ટ્સ અને લોન ટેનિસ, ચેસ, સ્કેટિંગ જેવી રમતોમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. રમતોત્સવના મુખ્ય મહેમાન તરીકે અર્જુન એવોર્ડ વિજેતા અને બેડમિન્ટનમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિજેતાપ્રાપ્ત ગાંધીનગરનાં ખેલાડી પારૂલ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. રંગોલી ગૃપના ચેરમેન પ્રહર અંજારિયાએ આ રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો અને મશાલ પ્રજ્વલિત કરવા આહ્વાન કર્યું હતું. પ્રિન્સિપાલ અનામિકા અંજારિયાએ રમતોત્સવની મશાલ પ્રજ્વલિત કરી હતી. ટ્રસ્ટી પ્રણવ સોની, સંયોજક પ્રિતમ પાંડા, હરપ્રીત લાંબા, રીચા જ્હા, મીના માલવલ અને એડમિન મેનેજર પ્રેરક વસાવડાના હસ્તે વિજેતા બાળકોને ૨૮૮ મેડલ્સ એનાયત કરવામાં આવ્યાં હતાં.

બાળકોના રમતોત્સવ બાદ વાલીઓ માટે પણ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ ભાગ લીધો હતો.

# મહાત્મા ગાંધી વિદ્યામંદિરમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ






ગાંધીનગર, તા. ૨૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ માટે ખાસ બૅચનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન-ચાર્જ આચાર્ય ગિતેશભાઈ પટેલ, સુપરવાઈઝર રમેશભાઈ પટેલ અને ગીતાબેન પટેલના માર્ગદર્શન મુજબ અગ્રીમ સ્થાને ઉત્તીર્ણ થનારી પાંચ અને નાપાસ થનારી પાંચ વિદ્યાર્થિનીઓ માટે આ દસ દિવસીય બૅચનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકો દ્વારા અલગ ટાઈમટેબલ બનાવીને આ વિદ્યાર્થિનીઓને શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ કાર્ય માટે વાલીઓ તરફથી પણ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો.

અર્બન હેલ્થ સૅન્ટર, સૅક્ટર-૨૪ દ્વારા મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે ધોરણ-૯થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સૅન્ટરનાં તબીબ હિનલ કાપડીયા, ધ્વનિ હડુલા, મિત્તલ પટેલે આ કાર્યક્રમ માટે પોતાની સેવાઓ આપી હતી. શાળાના આચાર્ય ઉપરાંત સંયોજક નટુભાઈ લાડાણી, હસમુખભાઈ પટેલે શાળા પરિવાર વતી આરોગ્ય કેન્દ્રની ટીમ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# સુરેન્દ્રનગરની ન્હાનાલાલ સાહિત્યસભા દ્વારા એસ એસ રાહીને ૨૦૨૦નો દલપતરામ એવૉર્ડ





ગાંધીનગર, તા. ૨૩
નવોદિત સર્જકોને પ્રેરણા, પ્રોત્સાહ અને માર્ગદર્શન મળે એ શુભ ઉદેશથી સુરેન્દ્રનગરમાં ન્હાનાલાલ સાહિત્યસભા કાર્યરત છે. ઈસ ૨૦૧૯નું વર્ષ એ કવીશ્વર દલપતરામનું દ્વિશતાબ્દીનું વર્ષ છે. દર વર્ષે ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત કવિને કવીશ્વર દલપતરામ એવૉર્ડ પણ અર્પણ કરવામાં આવે છે. સંસ્થા તરફથી ૨૦૧૯ના વર્ષનો દસમો કવિશ્રી જવાહર બક્ષીને અને ૨૦૨૦ની સાલનો અગિયારમો એવૉર્ડ કવિશ્રી એસ. એસ. રાહીને આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. એવૉર્ડના નિર્ણાયક તરીકે કવિશ્રી રમેશ આચાર્યએ સેવા બજાવી હતી, એમ ન્હાનાલાલ સાહિત્ય સભાના સંયોજક શ્રી વિરેન્દ્રભાઈ આચાર્યની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની વિદ્યાર્થિનીઓની કબડ્ડી ટીમ રનર્સ અપ



અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓની કબડ્ડી ટીમ કડી સર્વ વિશ્વવિદ્યાલય કબડ્ડી સ્પર્ધામાં રનર્સ અપ બની છે. કૉલેજની આ વિજેતા ટીમને માર્ગદર્શન ફિઝીકલ ઍજ્યુકેશનના પ્રૉ. ડૉ. રણછોડ રથવીએ પૂરું પાડ્યું હતું. ટીમમાં આરજુ ચૌધરી (કેપ્ટન), ભક્તિ પટેલ, છાયા ચાવડા, હસ્તી વાસાણી, દર્શના પટેલ, રીટા, નેન્સી પટેલ, શ્વેતા ઠક્કર, બિજલ પટેલ અને વિધિ ઠક્કર સામેલ હતાં. સમગ્ર કૉલેજ પરિવાર વતી આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ આ વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ -૭માં અભ્યાસ કરતા ૩૦૦ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં આવેલ વિક્રમ સારાભાઈ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી હતી. ત્યાં બાળકોને સાયન્સ અને મેથ્સના વિવિધ ક્ષેત્ર વિષે સમજૂતી તેમજ સાયન્સ અને મેથ્સના વિવિધ પ્રયોગો પણ કરાવ્યા હતા. આ મુલાકાત બાળકો માટે આનંદદાયક રહી હતી.

# ગોપાલક વિદ્યા સંકુલનો વિદ્યાર્થી રાજ્ય સ્કેટીંગ સ્પર્ધામાં તૃતિય ક્રમે

ગાંધીનગર, તા. ૨૩
જેઍમપી ગોપાલક વિદ્યાસંકુલના ધોરણ-૧૧માં અભ્યાસ કરતા જય હરીરામ આચાર્યએ ખેલ મહાકુંભ અંતર્ગત સ્કેટિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીનો રૂપિયા ૧૦ હજારનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ જ વિદ્યાર્થીએ બાલાસિનોર ખાતે યોજાયેલી સ્કૂલ ગેમ્સ અંતર્ગત રોલબૉલની સ્પર્ધામાં ભાગ લઈ ત્રીજો અને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈને ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર શાળા પરિવાર વતી જયને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દેવકરણના મુવાડામાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ







રેડક્રોસ ગાંધીનગર શાખા દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામની પસંદગી કરવામાં આવી હતી. શ્રી ગજાનન સેવા સમિતિના ઉપક્રમે તબીબોએ રહી પૂ. ત્રિલોકચંદ્રજી વિદ્યામંદિરની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કુલ ૫૧૮ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરી હતી. ડૉ. પ્રવીણ બોધાણી તથા ડૉ. અતુલ પંડ્યાએ પોતાની સેવાઓ આ કાર્ય માટે પૂરી પાડી હતી.

મિલિન્દભાઈએ 'રાષ્ટ્રીય ચેતના કે સ્વર'નાં ત્રણ ગીતો ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને ગવડાવ્યાં હતાં. રેડક્રોસ તરફથી અશ્વિનભાઈ દવે આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# મારા મહાત્મા

**॥ નવમો મણકો ॥**

આ કાર્ય ખરેખર દુષ્કર હતું. શરૂ-શરૂમાં તેમણે વ્યક્તિગત ધોરણે અન્યાયનો વિરોધ કરવાનું ચાલુ કર્યું. ધીરે ધીરે આવો અન્યાયનો ભોગ બનેલા અન્ય વ્યક્તિઓનો સાથ મળતાં સામુહિક અને સામાજિક ધોરણે વિરોધ આગળ વધાર્યો. અહીં શરૂઆતથી જ વિરોધનું માધ્યમ સત્યાગરહ હતું તે કહેવાની જરૂર નથી. સત્યાગ્રહ આગ વધતાં તે એક મોટા અહિંસક જનઆંદોલનમાં ફેરવાતો ગયો. હવે આ અહિંસક સત્યાગ્રહનો ધ્યેય માત્ર અન્યાયકારી નીતિઓના વિરોધ પૂરતો જ સીમિત ન રહેતાં સમગ્ર માનવસમાજના પ્રકૃતિગત અધિકારોની માગણી અને તેનું રક્ષણ, માનવકલ્યાણ અને સમાજનવરચના જેવાં ઉત્તમ કાર્યોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહના આ પ્રયોગને અહિંસક માર્ગે ઘણા અંશે સફળ બનાવી તેઓ ૧૯૧૫માં ભારત પરત ફર્યા હતા.



અહીં આવ્યા બાદ ભારતીય પ્રજામાં સ્વતંત્રતા માટેની તીવર્તા જોઈ અને ખાસ તો લોકોની આંખોમાં પોતાના નેતૃત્વ સ્વીકારી લેવાનો આશાવાદ જોયો. સાથે સાથે લોકોના અનન્ય પ્રેમને વશ થઈ તેઓ માતૃભૂમિની સ્વાધીનતા માટે કટિબદ્ધ થયા અને કર્મશીલ બન્યા. હવે તેમના સત્યાગ્રહ અને અહિંસક આંદોલનનું પ્રયોજન એકમાત્ર ભારત દેશની સ્વતંત્રતા જ રહ્યું જે તેમના જીવનનું પણ અંતિમ ધ્યેય બની રહ્યું.

એક સામાન્ય મનુષ્ય માટે આવા ભગીરથ કાર્ય માટે ધારવું કે વિચારવું જ જ્યાં અકલ્પ્ય હોય ત્યાં તે માટે કટિબદ્ધ થઈ કર્મશીલ થવું તો અશક્ય જ બાબત છે. પરંતુ ગાંધીજી આ પ્રમાણે કરી શક્યા હતા. કારણ કે અગાઉ આપણે જોઈ ગયા તેમ તેમણે અનેક કષ્ટ સહન કરીપોતાના વ્યક્તિત્વને દૂરંદેશીતા, સંયમ, ધૈર્યશીલતા, ત્યાગ અને સેવાપરાયણતા, આત્મનિર્ભરતા, સ્વાભિમાનીપણા જેવા ઉચ્ચ માનવીય ગુણોથી કેળવ્યું હતું તો સત્યવ્રતપાલન, અહિંસાધર્મનિષ્ઠતા, બ્રહ્મચર્ય, અભયપણું વગેરે જેવા અતિમાનવીય ઉત્કૃષ્ટ ગુણો વડે તેઓ એક ધર્માભિમુખ સાંસારિક સંત સાબિતથયા હતા. તેથી જ તેમને 'મહાત્મા'નું યથાર્થ એવું ઉપનામ મળ્યું હતું.

### આત્માનુસંધાન

મહાત્માના વ્યક્તિત્વ અને તેમનાં જીવનકાર્યોને એક ઉપરી અને બાહ્ય સાંસારિક પરિપ્રેક્ષ્યમાં સમજવું તથા મૂલવવું લગભગ અશક્ય જ છે. આ માટે તો મહાત્માના આંતરવિશ્વમાં ડોકિયું કરવું પડે અને અનેકાનેક વૈચારિક ઊથલપાથલો બાદ તેમણે પ્રાપ્ત કરેલાં અમૂલ્ય વિચારરત્નોના હાર્દને સમજવાનો પ્રયાસ કરવો પડે.

કારણ કે કોઈપણ વ્યક્તિ દ્વારા થતું નાનું કે મોટું કાર્ય તેના વિચારોને આધીન અને તેના ફળસ્વરૂપ હોય છે અને આ વિચારોની ઉત્પત્તિ તેનામાં રહેલા મનને આધીન હોય છે. મન એ કોઈપણ વ્યક્તિવિશેષમાં એકમાત્ર વિચારોનો સ્રોત છે અને પ્રત્યેકના આંતરવિશ્વનું પ્રાથમિક ચલિત અંતઃકરણ છે. સારા વિચારો શુભ કાર્યમાં અને નરસા વિચારો અશુભ કાર્યમાં પરિણમે છે. આ સારા-નરસા વિચારોનો ભેદ પારખી તેને નિયંત્રિત કરવા માટે પ્રત્યેકના આંતરવિશ્વમાં એક બીજું અંતઃકરણ વસેલું હોય છે, તેનું નામ છે બુદ્દિ. આ બુદ્ધિના જ સમુચિત આવિર્ભાવથી સમગ્ર જગતમાં એક મનુષ્ય બીજા મનુષ્યથી ભિન્ન પડે છે અને તે જ બુદ્ધિા યોગ્ય તથા વિશિષ્ટ ઉપયોગ વડે તે પોતાના ચંચળ મન પર કાબૂ મેળવી સંસારમાં પોતાને અન્યથી સારો સાબિત કરી શકે છે.




પરંતુ આ બુદ્ધિ પણ બેધારી તલવાર છે. તેનો સદ્દુપયોગ સમસ્ત સમષ્ટિ માટે શુભકર્તા છે ને તેનો દુરુપયોગ હાનિકર્તા સાબિત થાય છે. કોઈપણ દિશામાં થતો બુદ્ધિનો અતિરેક મનુષ્યને અભિમાની બનાવે છે, જે તેના આત્મકલ્યાણ માટે અવરોધકર્તા બને છે.

તેથી જ દરેક વ્યક્તિના આંતરવિશ્વમાં એક ત્રીજું અંતઃકરણ હોય છે - અહંકાર. જે બુદ્ધિની સત્યતાને વારંવાર ચકાસે છે અને તેની ઉપયોગિતાને યોગ્યતાના આધાર પર નિયંત્રિત કરે છે. દરેક મનુષ્યનો અહંકાર જ તેનું આગવું વ્યક્તિત્વ છે. અહંકાર (હુંપણું) વગરના મનુષ્યનું જીવન નાવિક વગરની નાવ જેવું હોય છે. પરંતુ આ અહંકારના ઘોડાને ચિત્તની લગામ વડે કાબૂમાં રાખવો પડે છે. એટલે કે ચિત્ત એ દરેક વ્યક્તિના આંતરવિશ્વમાં રહેલું ચોથું અંતઃકરણ છે. ચિત્તની શુદ્ધિ મનુષ્યના જીવનને પવિત્ર બનાવે છે.

પરંતુ, આ ચારેય અંતઃકરમ - મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત જેમાં સમરૂપ થાય છે અથવા જેમાંથી વ્યુત્પત્ત થાય છે તે છે મહાકારણ દેહ એટલે કે આત્મા. આ આત્મા જ પ્રત્યેક જીવના જીવનરથનો સારથિ છે. આ સૃષ્ટિ પરના દરેક જીવના દેહ વડે થતાં કાર્યો તેના જ આત્માને અનુબંધિત હોય છે. એટલે કે આત્મા જ સત્ય છે અને તે પરમસત્યનો અંશ છે. આત્મા જ મનુષ્યને મનુષ્ય અથવા મહાત્મા બનાવે છે.

આત્મા શાશ્વત છે, દેહ નશ્વર છે.



- ડૉ. બદ્રિશ એચ સંઘવી